
# 15 જુઓ



**શ્યામ સાધુ**

**(જન્મ : 15-06-1941; અવસાન : 12-2001)**

શ્યામ સાધુનું મૂળ નામ શામળદાસ મૂળદાસ સોલંકી. વતન જૂનાગઢ. તેઓએ મૅટ્રિક સુધી અભ્યાસ કરેલો. સાવ અલગારી જેવું જીવન જીવનારા શ્યામ સાધુએ પોતાનું આખું જીવન કાવ્ય-પદાર્થની ખેવના કરવામાં જ વિતાવી દીધું. તેમણે મુખ્યત્વે ગઝલસર્જન કર્યું. 'યાયાવરી' તેમનો પ્રથમ ગઝલસંગ્રહ છે, જે છેક 1972માં બહાર પડેલો ત્યારે આ યુવાકવિ પ્રત્યે સાહિત્યકારોનું ધ્યાન ખેંચાયેલું. આ ઉપરાંત 'થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય' અને 'આત્મકથાનાં પાનાં'માં કવિ-સર્જક તરીકેની તેમની મુદ્રાઓ ઊપસી આવેલી. ગઝલસર્જક તરીકે તેઓ સદાય યાદ રહેશે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સંજુ વાળા સંપાદિત તેમનું સમગ્ર કાવ્યસર્જન 'ઘર સામે સરોવર' નામે પ્રકાશિત થયું છે.

'પથ્થરો બોલે તો' નવ્ય રીતિની એક સરસ ગઝલ છે. જેના પ્રથમ શેરમાં અશક્યતાની શક્યતા ચકાસી જોવાનું સૂચન છે. જ્યારે બીજા શેરમાં, સહજ રીતે આવી મળવું તો સહેલું છે; પરંતુ ડાળ ફેલાવી કોઈને માટે છાયારૂપ બનવું મુશ્કેલ છે, એ કરી જોવાની હાકલ છે. ત્રીજામાં આ નગર અથવા તો માનવમેળો બાળકસમો અબુધ છે; એને કોઈ પણ લલચાવી શકે એવો મર્મ છે. ચોથામાં સમયની ધીમી પણ એકધારી ગતિને ઉલટાવવાની અસંભવિતતા આલેખવાનો પ્રયાસ છે. જ્યારે છેલ્લા શેરમાં આ સંસારના જડ, યાંત્રિક સંબંધોને કોઈ આંખોમાં ચિતરાવી જોવાની આવશ્યક દુષ્કરતા વ્યંજિત થઈ છે.

---

પથ્થરો બોલે તો બોલાવી જુઓ,
શક્યતાનાં દ્વાર ખખડાવી જુઓ.

સહુ પવનની જેમ તો આવી મળે,
વૃક્ષ માફક ડાળ ફેલાવી જુઓ!

સાવ બાળકના સમું છે આ નગર,
કોઈ પણ આવીને લલચાવી જુઓ.

કાચબો કહેતા સમય જો સાંભરે,
રેતની શીશીને ઉલટાવી જુઓ.

આયનામાં સહુ અહીં ઝિલાય છે,
કોઈને આંખોમાં ચિતરાવી જુઓ.

('યાયાવરી' માંથી)

## શબ્દ-સમજૂતી

**રેતની શીશી** ઘડિયાળની શોધ પહેલાં વપરાતું સમય માપવાનું સાધન, રેતઘડિયાળ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સહજ રીતે મળવું શા માટે સહેલું છે?

(2) નગરને અબુધ શા માટે કહ્યું છે?

(3) રેતશીશીને ઉલટાવવાનું કવિ કેમ કહે છે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'શક્યતાનાં દ્વાર ખખડાવવાં' એટલે શું કરવું?

(2) છેલ્લા શેરમાં સંબંધોની ક્ષણભંગુરતા શી રીતે આલેખાઈ છે?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

(1) ગઝલનું સમગ્રલક્ષી ભાવદર્શન કરાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા શિક્ષક પાસેથી ગઝલના સ્વરૂપની જાણકારી મેળવો.
- આ ગઝલનું સમૂહમાં પઠન કરો.
- પ્રાર્થનાસભામાં ગઝલનું ગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

કવિએ આ ગઝલમાં સાવ સાદી શબ્દાવલિનો ઉપયોગ કરીને જુદાંજુદાં શબ્દઝૂમખાંને સામસામે મૂકીને શબ્દચમત્કૃતિ સાધી છે તે તમે ધ્યાનથી જુઓ.

પથ્થરો બોલે તો બોલાવી જુઓ,

શક્યતાનાં દ્વાર ખખડાવી જુઓ.

અહીં જડ પથ્થરને બોલાવવાની મથામણ કરીને કોઈ પણ સમીકરણનાં મૂળ સુધી જવાનું સાહસ ભાવકે કરવું જોઈએ એવું ઇંગિત છે.

પાંચેપાંચ શેરમાં કવિએ શબ્દચમત્કૃતિની આ રીતિનો વિનિયોગ કરીને સાદી ભાષામાં બયાન કર્યું છે. બે સ્વતંત્ર બાબતોને એક-બીજાનું પરિપ્રેક્ષ્ય લાધે ત્યારે કાવ્ય સિદ્ધ થતું હોય છે. એમાં કવિની શબ્દપસંદગી મુખ્ય ભૂમિકા ભજવે છે.

ચોથા શેરમાં રેતશીશી અને કાચબાને સામસામે મૂકીને ગતિનો સરસ અહેસાસ કરાવ્યો છે.

**શિક્ષક-પ્રવૃત્તિ**

- શાળામાં મુશાયરાનું આયોજન કરો.
- શાળામાં પાદપૂર્તિ, કાવ્યલેખનનો વર્કશૉપ રાખી પછી સ્પર્ધાનું આયોજન કરો.

•